*This Question Paper contains 7 printed pages.*

Seat No.: | | | | | | | |

Sl. No. : 254375

# 046(G)

**(March, 2019)**

***Time : 3 Hours]*** ECONOMICS B.A ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ અને 49 પ્રશ્નો છે.
2) બધાજ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
3) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
4) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખો.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલ 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. દરેક પ્રશ્ન માટે આપેલા ચાર વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી તેનો જવાબ લખવો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે. [10]**

1) નીચેનામાંથી કોનો સમાવેશ સંચાલનની એકપણ સપાટીમાં થતો નથી.

(A) નિરીક્ષક

(B) જોબર

(C) કામદાર

(D) હિસાબી અધિકારી

2) વૈજ્ઞાનિક સંચાલન વિચારધારાના પ્રણેતા કોણ છે ?

(A) લ્યુથર ગ્યુલિક

(B) ફેડરીક ટેલર

(C) હેનરી ફેયોલ

(D) પીટર એફ. ડ્રકર



Visit https://visionpapers.in For More Papers!!!

3) સફળ આયોજન માટેની પૂર્વશરત કઈ છે ?

(A) સમયની લાંબી મુદત

(B) સમયની ઓછી મુદત

(C) વ્યવસ્થાતંત્ર

(D) પરિવર્તનશીલતા

4) માનવ સંબંધોને આધારે કુદરતી રીતે રચાયેલું માનવસંબંધોનું જાળું કયા નામે ઓળખાય છે ?

(A) અવૈધિક વ્યવસ્થાતંત્ર

(B) રૈખિક વ્યવસ્થાતંત્ર

(C) વૈધિક વ્યવસ્થાતંત્ર

(D) શ્રેણિક વ્યવસ્થાતંત્ર

5) સંચાલનનું કયું કાર્ય અંકુશના જન્મદાતા તરીકે ઓળખાય છે ?

(A) વ્યવસ્થાતંત્ર

(B) કર્મચારી વ્યવસ્થા

(C) દોરવણી

(D) આયોજન

6) ડિવિડન્ડ કઈ મૂડી પર ચૂકવાય છે ?

(A) ભરપાઈ થયેલી મૂડી

(B) અધિકૃત મૂડી

(C) મંગાવેલી મૂડી

(D) કાર્યશીલ મૂડી



Visit https://visionpapers.in For More Papers!!!

7) ઇક્વિટી અને દેવાનું યોગ્ય પ્રમાણ ધરાવતું મૂડીમાળખું એટલે .....

(A) મૂડીમાળખું ઇષ્ટતમ

(B) સરળ મૂડીમાળખું

(C) કાર્યશીલ મૂડીમાળખું

(D) પ્રમાણસર મૂડીમાળખું

8) ટ્રેઝરી બિલ ભારત સરકાર વતી કોણ બહાર પાડે છે ?

(A) સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા

(B) રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા

(C) સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા

(D) નાણાંકીય સંસ્થાઓ

9) બજારીય વિભાવનામાં કોણ કેન્દ્રસ્થાને હોય છે ?

(A) પેદાશ

(B) ઉત્પાદન

(C) ગ્રાહક

(D) નફો

10) ..... દિવસને આંતરરાષ્ટ્રિય કક્ષાએ દર વર્ષે ગ્રાહક અધિકાર દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

(A) 5 મી માર્ચ

(B) 15 મી માર્ચ

(C) 24 મી માર્ચ

(D) 31 મી માર્ચ



Visit https://visionpapers.in For More Papers!!!

## વિભાગ - B

■ **પ્રશ્ન 11 થી 20 અતિટૂંક જવાબી પ્રશ્નો છે. તેનો જવાબ 1 થી 10 શબ્દોની મર્યાદામાં આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

11) મધ્ય સપાટી સંચાલન બીજા કયા નામથી ઓળખાય છે ?

12) એકમનું જીવનધ્યેય નક્કી કરતી યોજના કઈ છે ?

13) કયા વ્યવસ્થાતંત્રને લશ્કરી વ્યવસ્થાતંત્ર કહે છે ?

14) H.R.M. નું વિસ્તૃત રૂપ આપો.

15) શારીરિક જરૂરિયાતોમાં કઈ જરૂરિયાતોનો સમાવેશ થાય છે ?

16) જામીનગીરીઓ બહાર પાડી મૂડી ભંડોળ મેળવતી કંપનીએ કયા પ્રકારના શેર બહાર પાડવા જ પડે છે ?

17) ડિમટિરિયલાઇઝેશન (Dematerialisation) એટલે શું ?

18) મુંબઈ શેરબજારનો સ્ક્રિન આધારિત વેપાર કયા નામથી ઓળખાય છે ?

19) શૂન્ય સપાટીવાળી વિતરણ વ્યવસ્થા એટલે શું ?

20) GST નું વિસ્તૃત રૂપ આપો.

## વિભાગ - C

■ **નીચેના 21 થી 35 સુધીના ટૂંક જવાબી પ્રશ્નો છે. તેનો જવાબ 30 શબ્દોની મર્યાદામાં આપો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** **[30]**

21) સંચાલન એક કળા છે - સમજાવો.

22) હુકમની એકવાક્યતાનો સિદ્ધાંત જણાવો.

23) વૈધિક વ્યવસ્થાતંત્રની કોઈપણ ચાર લાક્ષણિકતાઓ જણાવો.

**અથવા**

ઉત્તરદાયિત્વ એટલે શું ? ઉદા. આપી સમજાવો.



Visit https://visionpapers.in For More Papers!!!

24) તાલીમ અને વિકાસ વચ્ચેના તફાવતના બે મુદ્દા જણાવો.

25) કર્મચારીઓની પસંદગી માટે લેવાતી કસોટીઓના નામ જણાવો.

26) કર્મચારી કલ્યાણકારક પ્રવૃત્તિઓ અને સુવિધાઓમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

27) માસ્લોની જરૂરિયાતોનો અગ્રતાક્રમ આકૃતિ દ્વારા દર્શાવો.

28) અંકુશ એ રચનાત્મક પ્રવૃત્તિ છે - સમજાવો.

29) કુલ કાર્યશીલ મૂડી અને ચોખ્ખી કાર્યશીલ મૂડી વચ્ચે તફાવતના બે મુદ્દા સમજાવો.

30) નાણાંકીય બજારના સાધનો કયા કયા છે ?

**અથવા**

જામીનગીરીઓની ખરીદ-વેચાણ પ્રક્રિયામાં કરારનોંધ એટલે શું ?

31) બજાર પ્રક્રિયાની વેચાણ વિભાવના સમજાવો.

32) લેબલિંગના કોઈપણ ચાર કાર્યો જણાવો.

33) ટ્રસ્ટીશિપના સિદ્ધાંત અને ગ્રાહક સુરક્ષા વિશે નોંધ લખો.

34) WTO અને GATT નું વિસ્તૃત રૂપ આપો.

35) વૈશ્વિકીકરણની ચાર હકારાત્મક અસરો જણાવો.

## વિભાગ - D

■ **નીચેના 36 થી 45 ટૂંક જવાબી પ્રશ્નો છે. તેના 50 શબ્દોની મર્યાદામાં જવાબ આપો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[30]**

36) સંચાલનની તળ સપાટીના કાર્યો જણાવો.

37) માનવ સંસાધન સંચાલનનું મહત્ત્વ જણાવો.



Visit https://visionpapers.in For More Papers!!!

38) હેનરી ફેયોલે ઔદ્યોગિક સાહસની પ્રવૃત્તિઓને કયા છ ભાગમાં વહેંચી છે ? સ્પષ્ટતા કરો.

39) સત્તા સોંપણી એટલે શું ? તેના મૂળતત્ત્વો દર્શાવતી આકૃતિ દોરો.

40) અવૈધિક વ્યવસ્થાતંત્રની છ લાક્ષણિકતાઓ સમજાવો.

41) આયોજન અને અંકુશ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરતા ત્રણ મુદ્દાની સમજૂતી લખો.

42) મૂડી માળખાને અસર કરતા આંતરિક પરિબળો સમજાવો.

**અથવા**

કાર્યશીલ મૂડીની લાક્ષણિકતાઓની ચર્ચા કરો.

43) શેરબજારના કોઈપણ છ કાર્યોની સમજ આપો.

44) જાહેરાતના કાર્યો (ભૂમિકા) સવિસ્તાર સમજાવો.

**અથવા**

વેચાણવૃદ્ધિની છ પ્રયુક્તિઓ ટૂંકમાં સમજાવો.

45) ધંધાકીય પર્યાવરણનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

## વિભાગ - E

■ **નીચેના 46 થી 49 સુધી વિસ્તૃત જવાબી પ્રશ્નો છે. તેના 100 શબ્દોની મર્યાદામાં જવાબ આપો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** **[20]**

46) આયોજનની પ્રક્રિયા સમજાવો.

47) ભરતી એટલે શું ? તેના બાહ્ય પ્રાપ્તિસ્થાનો સમજાવો. (કોઈ પણ ચાર)

**અથવા**

પસંદગીની પ્રક્રિયા ટૂંકમાં સમજાવો.



Visit https://visionpapers.in For More Papers!!!

48) વૈધિક અને અવૈધિક માહિતી સંચારનો તફાવત જણાવો.

49) ગ્રાહક સુરક્ષાના કાયદા મુજબની ત્રિસ્તરીય તકરાર નિવારણ માટેની વ્યવસ્થા સમજાવો.

**અથવા**

ગ્રાહક સુરક્ષાના કાયદા મુજબ ગ્રાહકોના અધિકારો વર્ણવો.

◆◆◆



Visit https://visionpapers.in For More Papers!!!